# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** (૧) સામાન્ય વહીવટ વિભાગ,ગુજરાત સરકારના પરિપત્ર ક્રમાંકઃપરચ–૧૦૨૦૨૦–૫૦૧–૮ તા.૨૪/૦૩/૨૦૨૦
(૨) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃકરન/૧૦૨૦૧૦ /૨૪૦૩/૨૦૨૦/ખ.ર. તા.૨૪/૦૩/૨૦૨૦
(૩) આ યુનિ.ના પરિપત્ર નં. આકૃયુ/રજિ/સંકલન/૧૩૯૯/૨૦૨૦ તા.૨૩/૦૩/૨૦૨૦

**નોવેલ કોરોના વાઇરસ (Covid–19)સંક્રમણને નિયંત્રણમાં લાવવા બાબત...**

## પરિપત્ર

ઉકત વંચાણે લીધેલ પરિપત્રોના અનુસંધાને નોવેલ કોરોના વાયરસ (Covid–19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખવાના હેતુસર જાહેર હિતમાં ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૦ની મધ્યરાત્રિના ૨૪.૦૦ કલાકથી તા.૩૧/૦૩/૨૦૨૦ની મધ્ય રાત્રિના ૨૪.૦૦ કલાક સુધી ગુજરાત રાજયને સંપૂર્ણપણે લોકડાઉન રાખવાના આદેશ થયેલ છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની સર્વે યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તથા તમામ સ્ટાફને **તા.૨૪/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી યુનિવર્સિટીની તમામ શૈક્ષણિક અને સંલગ્ન કામગીરી સંપૂર્ણ રીતે બંધ રાખવા આથી જણાવવામાં આવે છે.**

વધુમાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીના વડાશ્રીઓએ ઉકત સમયગાળા દરમ્યાન સ્વવિવેકાનુસાર ફરજ ઉપર હાજર રહેવા તેમજ પોતાની કચેરીઓ હસ્તકની અતિઆવશ્યક સેવાઓ બાબતે ન્યુનતમ કર્મચારીઓને ફરજ ઉપર હાજર રાખવા આથી જણાવવામાં આવે છે.

અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (Work from Home) કરવાનું રહેશે તથા મોબાઇલ ફોન અને ઇ–મેઇલ ઉપર ઉપલબ્ધ રહેવાનું રહેશે. વધુમાં તમામ અધિકારી/કર્મચારીશ્રીઓએ સંપૂર્ણ અંગત સ્વચ્છતા / આરોગ્ય જાળવણી હેતુ હેન્ડ સેનીટાઇઝર સહિત અન્ય બાબતો ધ્યાને લેવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર જારી કર્યા અસરથી વંચાણે લીધેલ ક્રમ–(૩) થી અપાયેલ સૂચનાઓ હવે ધ્યાને લેવાની રહેશે નહી.

આ પરિપત્ર જાહેર આરોગ્યના હિતમાં સરકારશ્રી તરફથી જારી થયેલ ઉકત ક્રમ–(૧) અને (૨) ની સૂચના સંદર્ભે માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ આદેશ અનુસાર જારી કરવામાં આવે છે.

**કુલસચિવ**

**જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૧૪૩૭/૨૦૨૦**
**તા.૨૪/૦૩/૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૩) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની એડીએમ શાખા–૩ તરફ.
(૩) આ કચેરીની તમામ શાખાઓ તરફ.